Thursday
02.03.2023
*Volume :7 * Issue No.212
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# સુઆયોજિત શહેરો ૨૧મી સદીમાં ભારતના ઝડપી માહોલમાં સમયની માંગ બની જશે: પ્રધાનમંત્રી શ્રી

"સરકાર જે યોજનાઓ અને નીતિઓ ઘડી રહી છે તે માત્ર શહેરોના લોકો માટે જીવન સરળ બનાવતી હોય એવું નથી પરંતુ તેમના પોતાના વિકાસમાં પણ મદદરૂપ થશે"

### પ્રધાનમંત્રીએ 'શહેરી આયોજન, વિકાસ અને સ્વચ્છતા' વિષય પર અંદાજપત્ર પછી યોજાયેલા વેબિનારમાં સંબોધન આપ્યું

### નવા શહેરોનો વિકાસ અને વર્તમાનમાં સેવાઓનું આધુનિકીકરણ એ શહેરી વિકાસના બે મુખ્ય પરિબળો છે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરીને શહેરી વિકાસ' વિષય પર યોજવામાં આવેલા અંદાજપત્ર પછીના વેબિનારમાં સંબોધન આપ્યું હતું. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૩માં જાહેર કરવામાં આવેલી પહેલોના અસરકારક અમલીકરણ માટે વિચારો અને સૂચનો મેળવવાના ઉદ્દેશથી સરકાર દ્વારા અંદાજપત્ર પછીના ૧૨ વેબિનારની શ્રેણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાંથી આ છઠ્ઠો વેબિનાર યોજાયો હતો. આ વેબિનારમાં ઉપસ્થિતોને સંબોધન આપતા પ્રધાનમંત્રીએ એ વાતનો અફસોસ વ્યક્ત કર્યો હતો કે, આઝાદી પછી દેશમાં માત્ર એક કે બે શહેરોનો આયોજનબદ્ધ વિકાસ કરવામાં આવ્યો છે. તેમણે ટિપ્પણી કરી હતી કે, જો આઝાદીના ૭૫ વર્ષમાં ૭૫ આયોજનબદ્ધ શહેરોનો વિકાસ કરવામાં આવ્યો હોત તો વિશ્વમાં ભારતની સ્થિતિ સંપૂર્ણપણે અલગ હોત. પ્રધાનમંત્રીએ એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, ૨૧મી સદીમાં ભારતના ઝડપી માહોલમાં સુઆયોજિત શહેરો એ સમયની માંગ છે. પ્રધાનમંત્રીએ નવા શહેરોનો વિકાસ અને હાલના શહેરોમાં સેવાઓનું આધુનિકીકરણ એ શહેરી વિકાસના બે મુખ્ય પરિબળો છે તે વાતને રેખાંકિત કરીને દેશના દરેક અંદાજપત્રમાં શહેરી વિકાસના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે એવી માહિતી આપી હતી કે, શહેરી વિકાસના ધોરણો માટે આ વર્ષના અંદાજપત્રમાં રૂપિયા ૧૫,૦૦૦ કરોડનું પ્રોત્સાહન જાહેર કરવામાં આવ્યું છે અને તેનાથી સુનિયોજિત શહેરીકરણને વેગ પ્રાપ્ત થશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે, શહેરી વિકાસમાં આયોજન અને



**શહેરી આયોજન અમૃતકાળમાં આપણા શહેરોનું ભાવિ નિર્ધારિત કરશે અને માત્ર સુઆયોજિત શહેરો જ ભારતનું ભાવિ નિર્ધારિત કરી શકે છે**

શાસનની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે ટાંક્યુ હતું કે, શહેરોનું નબળું આયોજન કરવામાં આવે અથવા આયોજન પછી યોગ્ય અમલીકરણનો અભાવ હોય તો ભારતની વિકાસ યાત્રામાં તેના કારણે મોટા પડકારો ઉભા થઈ શકે છે. તેમણે સ્પેટિઅલ આયોજન, પરિવહન આયોજન અને શહેરી માળખાકીય સુવિધાઓના ક્ષેત્રોમાં ખૂબ જ ધ્યાન કેન્દ્રિત કરીને કામ કરવાની જરૂરિયાત પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે આ વેબિનારમાં ઉપસ્થિત રહેલા સહભાગીઓને રાજ્યોમાં શહેરી આયોજન ઈકોસિસ્ટમને કેવી રીતે મજબૂત બનાવવી, શહેરી આયોજનમાં ખાનગી ક્ષેત્રમાં ઉપલબ્ધ કુશળતાનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો અને અંતે શહેરી આયોજનને નવા સ્તરે લઈ જઈ શકે તેવા ઉત્કૃષ્ટતાના કેન્દ્રનો વિકાસ કેવી રીતે કરવો તે અંગેના ત્રણ મુખ્ય પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વિનંતી કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો કે તમામ રાજ્ય સરકારો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ વિકસિત રાષ્ટ્ર માટે તેમનું યોગદાન માત્ર ત્યારે જ આપી શકે છે જ્યારે તેઓ આયોજનબદ્ધ શહેરી વિસ્તારો તૈયાર કરવામાં આવે.

પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે "શહેરી આયોજન અમૃતકાળમાં આપણા શહેરોનું ભાવિ નિર્ધારિત કરશે અને માત્ર સુઆયોજિત શહેરો જ ભારતનું ભાવિ નિર્ધારિત કરી શકે છે". તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વધુ સારા આયોજનથી જ આપણાં શહેરો પણ આબોહવાને અનુકૂલિત બનશે અને જળ સુરક્ષિત પણ બનશે. પ્રધાનમંત્રીએ નિષ્ણાતોને આવિષ્કારી વિચારો સાથે આવવા માટે અનુરોધ કર્યો હતો અને GIS આધારિત માસ્ટર પ્લાનિંગ, વિવિધ પ્રકારના આયોજન સાધનોનો વિકાસ, કાર્યક્ષમ માનવ સંસાધન અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોમાં આવા વિચારો જે ભૂમિકા ભજવી શકે છે તેના પર તેમણે પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે તેમની તજજ્ઞતાની શહેરી સ્થાનિક સંસ્થાઓને ખૂબ જ જરૂર પડશે જેનાથી ઘણી તકો ઊભી થશે. પ્રધાનમંત્રીએ એ વાતને રેખાંકિત કરી હતી કે, પરિવહન આયોજન એ શહેરોના વિકાસનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે અને આપણા શહેરોની ગતિશીલતા અવિરત હોવી જોઈએ. પ્રધાનમંત્રીએ ૨૦૧૪ પહેલા દેશમાં ઉપલબ્ધ મેટ્રો કનેક્ટિવિટી પર પ્રકાશ પાડતા સૌનું ધ્યાન દોર્યું હતું કે, વર્તમાન સરકારે ઘણા શહેરોમાં મેટ્રો રેલ્વે પર કામ કર્યું છે અને મેટ્રો નેટવર્ક કનેક્ટિવિટીની

### "૨૦૧૪માં માત્ર ૧૪-૧૫ ટકા કચરાની પ્રોસેસ કરવામાં આવતી હતી જેની સરખામણીએ આજે ૭૫ ટકા કચરાની પ્રોસેસ કરવામાં આવે છે"

બાબતમાં ઘણા દેશોને આપણે પાછળ રાખી દીધા છે. તેમણે મેટ્રો નેટવર્કને વધુ મજબૂત બનાવવા અને પ્રથમ તેમજ છેવાડાની વ્યક્તિ સુધીની કનેક્ટિવિટી પૂરી પાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હોત કે, શહેરોમાં રસ્તા પહોળા કરવા, ગ્રીન મોબિલિટી ઉપલબ્ધ કરાવવી, એલિવેટેડ રસ્તાઓનું નિર્માણ કરવું અને જંકશનમાં સુધારણાનો સમાવેશ કરવો આ બધુ જ પરિવહન આયોજનના ભાગરૂપે કરવું પડશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે "ભારત વલયાકાર અર્થવ્યવસ્થાને શહેરી વિકાસનો મુખ્ય આધાર બનાવી રહ્યું છે". તેમણે આગળ નોંધ્યું હતું કે, બેટરીનો કચરો, ઈલેક્ટ્રિકલ કચરો, ઓટોમોબાઈલ સંબંધિત કચરો, ટાયર અને કમ્પોસ્ટ બનાવવા માટે વપરાતા કચરા જેવો હજારો ટન મ્યુનિસિપલ કચરો દરરોજ આપણા દેશમાં ઉત્પન્ન થાય

### "આપણા નવા શહેરો કચરા મુક્ત, જળ સુરક્ષિત અને આબોહવાને અનુકૂલિત હોવા આવશ્યક છે"

છે. તેમણે માહિતી આપી હતી કે, ૨૦૧૪માં માત્ર ૧૪-૧૫ ટકા કચરાની પ્રોસેસ કરવામાં આવતી હતી તેની સરખામણીમાં આજે ૭૫ ટકા કચરાની પ્રોસેસ કરવામાં આવી રહી છે. તેમણે નોંધ્યું હતું કે, જો આ પગલું અગાઉ લેવામાં આવ્યું હોત તો ભારતના શહેરોની આસપાસના વિસ્તારોમાં કચરાના પહાડો ન ખડકાયા હોત. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કચરાનું પ્રોસેસિંગ કરીને શહેરોને કચરાના ઢગલામાંથી મુકત કરવાનું કામ ચાલી રહ્યું છે અને તેમણે નોંધ્યું હતું કે,તેઘણા ઉદ્યોગો માટે રિસાયક્લિંગ અને વારાફરતી આવતી વલયાકાર તકોથી ભરપૂર સંભાવનાઓના દ્વાર ખોલશે. તેમણે દરેક વ્યક્તિને આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરી રહેલા સ્ટાર્ટઅપ્સને સમર્થન આપવા વિનંતી પણ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુંકે, ઉદ્યોગોએ કચરાના વ્યવસ્થાપનની સંભાવનાને મહત્તમ કરવી જોઈએ

### ભારતે મેટ્રો નેટવર્ક કનેક્ટિવિટીની બાબતમાં ઘણા દેશોને પાછળ રાખી દીધા છે

અને વધુમાં માહિતી આપી હતી કે, અમૃત (AMRUT) યોજનાની સફળતા પછી શહેરોમાં પીવાના શુદ્ધ પાણી માટે AMRUT 2.0 યોજના શરૂ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ પાણી અને ગટરના પરંપરાગત મોડલને આગળ ધપાવવા પર પણ ખાસ ભાર મૂક્યો હતો અને માહિતી આપી હતી કે કેટલાક શહેરોમાં વપરાયેલા પાણીની ટ્રીટમેન્ટ કરીને ઔદ્યોગિક ઉપયોગ માટે તે મોકલવામાં આવે છે. પ્રધાનમંત્રીએ ટિઅર-૨ અને ટિઅર-૩ શહેરોમાં શહેરી માળખાકીય સુવિધાઓ અને આયોજનમાં રોકાણ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, "આપણા નવા શહેરો કચરા મુક્ત, જળ સુરક્ષિત અને આબોહવા માટે અનુકૂલિત હોવા જરૂરી છે". પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણા ભાવિ શહેરોને આર્કિટેક્ચર, ઝીરો ડિસ્ચાર્જ મોડલ, ઊર્જાની ચોખ્ખી સકારાત્મકતા, જમીનના ઉપયોગમાં કાર્યક્ષમતા, ટ્રાન્ઝિટ કોરિડોર અને જાહેર સેવાઓમાં છેંનો ઉપયોગ જેવા પરિમાણો પર વ્યાખ્યાયિત કરવા જોઈએ. તેમણે શહેરી આયોજનના ભાગરૂપે બાળકો માટે સાયકલ સવારી માટે રમતના મેદાનો અને રસ્તાઓની જરૂરિયાત પણ નોંધી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે "સરકાર જે યોજનાઓ અને નીતિઓ ઘડી રહી છે તે માત્ર શહેરોના લોકો માટે જીવન સરળ બનાવતી હોય એવું નથી પરંતુ તેમના પોતાના વિકાસમાં પણ મદદરૂપ થશે".

તેમણે આ વર્ષના અંદાજપત્રમાં પીએમ આવાસ યોજના માટે લગભગ રૂ. ૮૦,૦૦૦ કરોડ ખર્ચવાની સરકારની પ્રતિબદ્ધતા વિશે માહિતી આપી અને જણાવ્યું હતું કે, જ્યારે પણ ઘર બને છે ત્યારે સિમેન્ટ, લોખંડ, રંગ અને ફર્નિચર જેવા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે. શહેરી વિકાસના ક્ષેત્રમાં ભવિષ્યવાદી ટેક્નોલોજીની વધી રહેલી ભૂમિકા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ સ્ટાર્ટઅપ્સ તેમજ ઉદ્યોગોને આ દિશામાં વિચાર કરવા અને ઝડપથી કામ કરવા માટે અનુરોધ કર્યો હતો. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનનું સમાપન કરતાકહ્યું હતુંકે, "આપણે અસ્તિત્વમાં રહેલી તમામ સંભાવનાઓનો લાભ ઉઠાવવો પડશે અને નવી સંભાવનાઓને પણ જન્મ આપવો પડશે. ટકાઉક્ષમ હાઉસ ટેક્નોલોજીથી લઈને ટકાઉક્ષમ શહેરો સુધી, આપણે નવા ઉકેલો શોધવા પડશે".

# 'યુવા સંગમ' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત પધારેલા આસામના યુવાનો સાથે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગોષ્ઠિ



### બીજાને પોતાના બનાવતાં અને પોતાને બીજાના બનતાં ગુજરાતીઓને સારું આવડે છે, એટલે જ ગુજરાતમાં ખુશાલી, સમૃદ્ધિ અને વિકાસ છે : શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,

બીજાને પોતાના બનાવતાં અને પોતાને બીજાના બનતાં ગુજરાતીઓને સારું આવડે છે, એટલે જ ગુજરાતીઓ ૧૭૦ દેશોમાં જઈ વસ્યા છે અને અનેક રાજ્યો-રાષ્ટ્રોના લોકો ગુજરાત આવી વસ્યા છે, અને એટલે જ ગુજરાતમાં ખુશાલી, સમૃદ્ધિ અને વિકાસ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આસામથી યુવા સંગમ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત આવેલા યુવાનો સાથે રાજભવનમાં ગોષ્ઠિ કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં જે સારું છે તે આસામ લઈ જજો અને આસામમાં જે સારું છે એ અહીં આપતા જજો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા 'યુવા સંગમ' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આઠ પૂર્વોત્તર રાજ્યોના યુવાનો અને અન્ય રાજ્યના યુવાનો વચ્ચે આદાન-પ્રદાન યાત્રાનુ આયોજન કરાઈ રહ્યું છે. ગુજરાતમાં આ કાર્યક્રમ માટે નોડલ ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થાન (આઈઆઈટી) ગાંધીનગર મારફતે ગુજરાતના ૫૭ વિદ્યાર્થીઓ અને યુવાનોનું પ્રતિનિધિ મંડળ આસામ ગયું છે, અને આસામથી ૧૮ યુવાનો ગુજરાત આવ્યા છે. આ યુવાનોએ રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગોષ્ઠિ કરી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પર્યટન, પરંપરા,પ્રગતિ, પ્રૌદ્યોગિકી અને પરસ્પરના સંપર્ક-આદાન પ્રદાનથી પરસ્પરનો વિકાસ થાય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી છેલ્લા કેટલાક વર્ષોમાં પૂર્વોત્તર રાજ્યોએ ઘણો વિકાસ કર્યો છે. ઉન્નતિનો એક મુખ્ય માર્ગ શાંતિ છે. જ્યાં શાંતિ છે ત્યાં જ પ્રગતિ છે. એ જ પ્રદેશ પ્રગતિ કરે છે જેની પાસે બુદ્ધિપૂર્વક મહેનત કરવાની ક્ષમતા છે.

ગુજરાતની પ્રગતિ અને વિકાસની વાતોનો અહેવાલ તૈયાર કરીને, તેમાંથી પ્રેરણા લઈને આસામના વિકાસ માટે શું કરી શકાય તે અંગેનો અહેવાલ પોતાની ભાષામાં આસામ સરકાર સુધી પહોંચાડવા તેમણે યુવાનોને અનુરોધ કર્યો હતો. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની સંકલ્પના અને નિર્માણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને આભારી છે.એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે. અહીં માળખાકીય સુવિધાઓ ઘણી વિકસી છે. આ બધું જ અન્ય રાજ્યો માટે ઉદાહરણનીય અનેઅનુકરણીય છે. તેમણે યુવાનોને પોતાના પ્રદેશના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આસામના બે યુવાનો ધ્રુવજ્યોતિ રોય અને હિમરાજ ગોગોઈએ ગુજરાત યાત્રાના પોતાના અનુભવોનુ વર્ણન કર્યું હતું. આ અવસરે આઈઆઈટી, ગાંધીનગરના ડાયરેક્ટર શ્રી પ્રો. રજત મુના અને પ્રો. શિવપ્રિયા કીરુબકારન ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી રાજેશ મલ્હોત્રાએ પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરોના પ્રિન્સિપલ ડાયરેક્ટર જનરલ તરીકેનો ચાર્જ સંભાળ્યો

શ્રી રાજેશ મલ્હોત્રાએ આજે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (ૈંભ)ના પ્રિન્સિપલ ડાયરેક્ટર જનરલ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. શ્રી મલ્હોત્રાએ ગઈકાલે શ્રી સત્યેન્દ્ર પ્રકાશની નિવૃત્તિ બાદ કાર્યભાર સંભાળ્યો.





કમલમ્ ન્યુઝ,

શ્રી રાજેશ મલ્હોત્રા, ૧૯૮૯ બેચના ભારતીય માહિતી સેવા (IIS) અધિકારી, અગાઉ, જાન્યુઆરી ૨૦૧૮થી નાણાં મંત્રાલયમાં કાર્યરત હતા. જટિલ COVID-19 રોગચાળા દરમિયાન, તેમણે લોકોને રાહત આપવા અને આર્થિક સંતુલન જાળવવા માટે સમયાંતરે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા વિવિધ આત્મનિર્ભર ભારત પેકેજો સાથે નાણાંનો સુમેળ જાળવવા મંત્રાલયમાં મીડિયા અને સંચાર નીતિને અસરકારક રીતે સંચાલિત કરી હતી. શ્રી મલ્હોત્રા પાસે નાણાં, કંપનીબાબતો, કૃષિ, પાવર, કોલસો, ખાણો, સંચાર અને IT, કાપડ, શ્રમ, નવીઅને નવીનીકરણીય ઉર્જા સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો/વિભાગો માટે મીડિયા અને સંચાર વ્યૂહરચનાઓના આયોજન અને અમલીકરણમાં ૩૨ વર્ષથી વધુનો કાર્યકારી અનુભવ છે. વધુમાં, તેઓ ભારતના ચૂંટણી પંચ સાથે ૨૧ વર્ષ (૧૯૯૬-૨૦૧૭) માટે મીડિયા અને સંચારના પ્રભારી તરીકે સંકળાયેલા હતા, ત્યાંથી લોકસભા (ભારતના સંસદના નીચલા ગૃહ)ની ૭ સામાન્ય ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ માટેની ઘણી રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ અને ચૂંટણીઓ સાથે મીડિયા અને સંચાર વ્યૂહરચનાઓનું આયોજન અને અમલીકરણ કર્યું હતું. આ કાર્યકાળ દરમિયાન શ્રી મલ્હોત્રાએ ૧૨ મુખ્ય ચૂંટણી કમિશનરો સાથે નજીકથી કામ કર્યું છે. શ્રી મલ્હોત્રાએ IMT, ગાઝિયાબાદમાંથી બિઝનેસ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને NALSAR, હેદરાબાદમાંથી મીડિયા કાયદામાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ધરાવે છે. વધુમાં, તેઓ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના પબ્લિક પોલિસી એનાલિસિસ, થોમસન ફાઉન્ડેશન, યુકે ખાતે મીડિયા મેનેજમેન્ટ એન્ડ સ્ટ્રેટેજીસ અને નવી દિલ્હીમાં ૈંસ લખનૌ દ્વારા આયોજિત 'માર્કેટિંગ: ધ વિનિંગ કોન્સેપ્ટ્સ એન્ડ પ્રેક્ટિસ' પરના કાર્યક્રમમાં ટૂંકા ગાળાના અભ્યાસક્રમનો પણ ભાગ રહ્યા છે.. તેઓ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરીઝ ઑફ ઈન્ડિયાના સાથી સભ્ય પણ છે અને કાયદામાં ડિગ્રી પણ ધરાવે છે. પ્રવકતા તરીકે, શ્રી મલ્હોત્રાને એક તરફ સરકાર અને બીજી તરફ મીડિયા વચ્ચે 'દ્વિ-માર્ગી' સંચાર ચેનલો સફળતાપૂર્વક સ્થાપિત કરવાનો અનુભવ છે. તેઓ તેમની વિશિષ્ટ કારકિર્દીમાં વિવિધ મંત્રાલયોમાં તેમની વિવિધ સોંપણીઓ દરમિયાન કટોકટીની પરિસ્થિતિઓનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છે, અને ખાતરી કરી છે કે માત્ર સાચો પરિપ્રેક્ષ્ય/માહિતી મીડિયામાં પ્રસારિત થાય છે.

તેઓ આંતરરાષ્ટ્રીય પરિષદો/ઈવેન્ટ્સ માટે મીડિયા કવરેજનું સંકલન કરવાનો પણ બહોળો અનુભવ ધરાવે છે કારણ કે તેઓ તેમની કારકિર્દી દરમિયાન ભારતના વિવિધ મંત્રીમંડળનો અભિન્ન ભાગ રહ્યા છે.

# વિદેશમાં લગ્ન – જાગરૂકતા પરિસંવાદ



કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે "વિદેશમાં લગ્ન જાગરૂકતા પરિસંવાદ" નું આયોજન કરવામાં આવેલ. આ સેમિનારનું આયોજન એન.આર.જી. સેન્ટર, મહેસાણા તથા બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ હતું સદર સેમિનારનો હેતુ વિદેશમાં વસતા ભારતીયો સાથે લગ્ન કરવા માટે રાખવી પડતી સાવધાનીઓ અંગે જાગૃતિ ફેલાવવા તેમજ બિન નિવાસી ગુજરાતીઓને સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓથી અવગત કરવાનો હતો. સદર સેમિનારમાં એન.આર.જી. ફાઉન્ડેશન, ગાંધીનગર થી સ્મિતાબેન, એન. આર. જી. સેન્ટર મહેસાણાના ચેરમેનશ્રી દશરથભાઈ પટેલ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ચેરમેનશ્રી પ્રકાશ પટેલ, રજીસ્ટાર શ્રી કનુભાઈ પટેલ તથા ડૉ. હિમાંશુ જોષી તથા મહેસાણાના સિનિયર એડવોકેટ શિતલબેન પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ૨૫૦ થી ૨૭૦ યુવાઓ ઉપસ્થિત રહી મંચસ્થ મહાનુભાવો દ્વારા વિદેશમાં લગ્ન કરવામાં રાખવા માટેની સાવચેતીઓ તથા વિદેશમાં વસતા ગુજરાતીઓ માટેની ગુજરાત સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓનો ચિતાર મેળવ્યો હતો.






# કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NIPERs)ની પ્રથમ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અદયક્ષાતા કરી

**અમારું ધ્યાન સેલ્ફ-સસ્ટેનન્સ મોડલથી રિસર્ચ બેઝના વિસ્તરણ દ્વારા, ઈન્ડસ્ટ્રી કનેક્ટનું સર્જન કરીને, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરીને પ્રોફિટ મોડલ તરફ વળવા પર છેઃ ડો. મનસુખ માંડવિયા**

કમલમ્ ન્યુઝ,

“ફાર્માસ્યુટિકલ્સ સેક્ટરની સતત વૃદ્ધિ માટે સંશોધન અને નવીનતા જરૂરી છે. અમારું ધ્યાન સેલ્ફ-સસ્ટેનન્સ મોડલથી રિસર્ચ બેઝના વિસ્તરણ દ્વારા, ઈન્ડસ્ટ્રી કનેક્ટ બનાવવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા દ્વારા પ્રોફિટ મોડલ તરફ બદલાવ પર છે. આપણા માનવ સંસાધનોની કુશળતાનો ઉપયોગ અન્ય સંસ્થાઓની શ્રેષ્ઠ પદ્ધતિઓના અમલીકરણ સાથે થવો જોઈએ. ત્યારે જ આપણે રાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NIPERs) ને ઉચ્ચ ગુણવત્તાના સંશોધન માટે કેન્દ્ર તરીકે બનાવી શકીશું અને દેશમાં ફાર્માસ્યુટિકલ ઈનોવેશન માટે મૂળભૂત આધાર બનાવી શકીશું." કેન્દ્રીય કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NIPERs) ની પ્રથમ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષાતામાં શ્રી રમેશ બિધુરી, લોકસભાના સભ્ય, ડૉ. મદિલા ગુરુમૂર્તિ, લોકસભાનાં સભ્ય, ડૉ. રાધા મોહન દાસ અગ્રવાલ, રાજ્યસભાના સભ્ય, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર (NIHFW), ગઈકાલે અહીં આ વાત કહી. તેમણે માર્ગદર્શિકા અને માળખાના કાર્યક્ષમ અમલીકરણ પર દરેક પાસેથી સૂચનો આમંત્રિત કર્યા જેથી તમામ હિતધારકો ગુણવત્તાયુક્ત વિચારો સાથે આવે જે ઝડપથી અમલમાં મૂકી શકાય. કેન્દ્રીય મંત્રી દ્વારા પોસ્ટ કરાયેલ એક ટ્વીટમાં, ડૉ. માંડવિયાએ ફાર્મા ક્ષેત્ર અને બ્રાન્ડ NIPER માં સર્વગ્રાહી સંશોધન ઈકોસિસ્ટમને મજબૂત કરવા તરફ સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. અમલ કરી શકાય તેવા જરૂરી હસ્તક્ષેપો પર વધુ પ્રકાશ પાડતા, ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે "સરકારે ફાર્મા ઈનોવેશન, ફાર્માસ્યુટિકલ્સમાં સંશોધન અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટેના નવા પ્રોગ્રામ જેવા વિવિધ પગલાઓ શરૂ કર્યા છે. તબીબી ઉપકરણો અને આરોગ્ય તકનીકો જેવા વિશિષ્ટ અગ્રતા ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસમાં રોકાણ કરવા ઉદ્યોગને પણ પ્રોત્સાહિત કરે છે. આપણેP આપણા NIPERs દ્વારા સ્પર્ધાત્મક અને વ્યાપારી રીતે સક્ષમ ઉકેલો સાથે આવવું જોઈએ. આ માત્ર NIPERs વચ્ચે જ નહીં પરંતુ બાયોટેકનોલોજી વિભાગ, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ, ICMR, DRDO વગેરે જેવી સંબંધિત સંશોધન સંસ્થાઓ વચ્ચે મજબૂત સહયોગ અને પરામર્શ દ્વારા જ થઈ શકે છે. આ સંદર્ભમાં, સાથીદારો, સંશોધકો વચ્ચે ઔપચારિક અને અનૌપચારિક ક્રિયાપ્રતિક્રિયાઓ લેવાની જરૂર છે. સ્થળ". સંસ્થાકીય ક્ષમતાઓને મજબૂત કરવા વિશે બોલતા, કેન્દ્રીય મંત્રીએ તમામ સહભાગીઓને ટેક્નોલોજીના ઝડપી વિશ્વ સાથે અનુકૂલન કરવા અને દેશને ભવિષ્યની સૌથી નિર્ણાયક તકનીકોમાં આત્મનિર્ભર બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે "આપણે આધુનિક સમયની જરૂરિયાતો અને દેશની જરૂરિયાતો સાથે કામ કરવું જોઈએ." વિશ્વની શ્રેષ્ઠ પ્રથાઓને સ્થાનિક જરૂરિયાતો અનુસાર સંશોધિત કર્યા પછી અપનાવી અને અમલમાં મૂકવી જોઈએ, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ઈશ્ઢ પ્રયાસોને આગળ વધારવા અને તેમને વ્યાપારીકરણ માટે વધુ એક્સપોઝર આપવા માટે, ડૉ. માંડવિયાએ “તમામ હિતધારકોને વધુ સારી રીતે દૃશ્યતા માટે સંશોધન ભંડારનું વિસ્તરણ કરવાનું સૂચન કર્યું. આનાથી સંશોધકો વચ્ચે વધુ સારું સંકલન સર્જાશે અને વ્યાપારી રીતે સધ્ધર ઉત્પાદનો તરફ વધુ અનુવાદાત્મક સંશોધન બનાવવાના પ્રયાસો સુમેળ સાધશે.” NIPER સંશોધન પોર્ટલ એ તમામ NIPERની સંશોધન પ્રવૃત્તિઓ વિશેની માહિતીનો પ્રસાર કરવા અને અન્ય સંશોધકોને, ખાસ કરીને ઉદ્યોગને સંબંધિત સંસ્થાઓ સાથે સંપર્કમાં રહેવામાં મદદ કરવા માટેનું એક પગલું છે. તેમણે NIPERજને યુવા પેઢીની પ્રતિભાઓનો ઉપયોગ કરીને, શૈક્ષણિક સ્વાયત્તાતાને પ્રોત્સાહિત કરીને અને તેમના સંશોધન લક્ષ્યોને પ્રાપ્ત કરીને એક જીવંત વૈજ્ઞાનિક સમુદાય બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા. ડૉ. માંડવિયાએ સંશોધન સંકલનનું પ્રદર્શન રજૂ કર્યું હતું જે NIPERs ખાતે હાથ ધરવામાં આવતા દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સમાં સંશોધન અને વિકાસનું સંકલન છે. તે પેટન્ટ, પ્રકાશનો, વધારાના ભીંતચિત્ર, ઉદ્યોગ પ્રાયોજિત પ્રોજેક્ટ્સના સ્વરૂપમાં R&D પ્રવૃત્તિઓના પરિણામોની ગણતરી કરે છે. સભ્યોએ મંત્રી દ્વારા આપવામાં આવેલા મુખ્ય ઈનપુટ્સ માટે આભાર માન્યો હતો અને કાઉન્સિલ દ્વારા તેના પર કામ કરવાનું વચન આપ્યું હતું. સંશોધન માટે ક્લસ્ટર-આધારિત અભિગમ, સંસ્થાઓની બહુ-શિસ્તની પ્રકૃતિ, ઉદ્યોગ સહયોગને ઔપચારિક બનાવવા જેવા નવીન શૈક્ષણિક કાર્યક્રમો, નાણાકીય રીતે મજબૂતી અને સ્વતંત્રતા, ઉચ્ચ ગુણવત્તાવાળું સંશોધન, રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ (NEP) ના સૂચનો જેવા સૂચનો બેઠક દરમિયાન લેવામાં આવ્યા હતા. સુશ્રી એસ. અપર્ણા, સેક્રેટરી, ફાર્માસ્યુટિકલ્સ વિભાગે હાઈલાઈટ કર્યું હતું કે "કાઉન્સિલ નીતિ ઘડનારાઓ અને ફાર્મા ક્ષેત્રના અગ્રણી પ્રતિનિધિઓને એકસાથે લાવ્યા છે જેમના અમૂલ્ય સૂચનો અને અનુભવ NIPERsના વિકાસ અને વિકાસ માટે મહત્વપૂર્ણ છે." એન્ડ-ટુ-એન્ડ સંશોધનની જરૂરિયાત પર ભાર મૂકતા, તેણીએ સંસ્થાઓને તેમના મજબૂત સંશોધન ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે આગ્રહ કર્યો જેથી સંશોધન ઑપ્ટિમાઈઝેશન થઈ શકે. ડો. રાજેશ એસ. ગોખલે, સેક્રેટરી, બાયોટેકનોલોજી વિભાગ, ડો. રાજીવ બહલ, સેક્રેટરી, આરોગ્ય અને સંશોધન વિભાગ, ડો. ગિરીશ સાહની, અધ્યક્ષ, બોર્ડ ઓફ ગવર્નર્સ, NIPER મોહાલી, પ્રો. સમિત ચટ્ટોપાધ્યાય, અધ્યક્ષ, બોર્ડ ઓફ ગવર્નર્સ , NIPER હાજીપુર, ડૉ. સત્યનારાયણ ચાવા, અધ્યક્ષ, બોર્ડ ઑફ ગવર્નર્સ, NIPER હૈદરાબાદ, ડૉ. મધુ દીક્ષિત, અધ્યક્ષ, બોર્ડ ઑફ ગવર્નર્સ, NIPER રાયબરેલી, અન્ય NIPER ના ડિરેક્ટરો, ઉદ્યોગના પ્રતિનિધિઓ, ભારતીય ઔષધ ઉત્પાદક સંઘ (IDMA) ના પ્રતિનિધિઓ, ઓર્ગેનાઈઝેશન ઓફ ફાર્માસ્યુટિકલ્સ પ્રોડ્યુસર્સ ઓફ ઈન્ડિયા (O PPI) સહિત મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં હાજર હતા.



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

ધર્મજ સ્થિત આઝાદી કા અમૃત મહોત્સવ -પંચપ્રકલ્પ અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સીટી વલ્લભ વિદ્યાનગર આયોજિત વિમર્શ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી પ્રકાશભાઈ પટેલ (બાદલભાઈ), તાલુકા પંચાયત સભ્ય શ્રી જીગ્નેશભાઈ પટેલ, કામધેનુ યુનિવર્સીટીના કુલપતિ ડો એન.એચ.કેલાવાળા, સરદાર પટેલ યુનિવર્સીટીના કુલપતિ શ્રી નિરંજનભાઈ પટેલ, નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક યુનિવર્સીટીના કુલપતિ ડો..સી.કે.ટિબડીઆ, શ્રી રાજેશભાઈ પટેલ, શ્રી જગતભાઈ, સરપંચ શ્રીમતી ભાવનાબેન પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબી જિલ્લાનું નામ રોશન કરનાર ભૂમિકાબેન ભૂતે



કમલમ્ ન્યુઝ,

મોરબી જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા અને રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મોરબી જિલ્લાનું નામ રોશન કરનાર ભૂમિકાબેન ભૂતે પોતાના ભુતકાળના અનુભવ અને મહિલા તરીકે રમત ગમત ક્ષેત્રમાં મેળવેલી સિદ્ધિ અંગેના અનુભવ તેમજ હિમાલય ટ્રેકિંગ કરવા અગાઉ કરાયેલ પ્રયાસ હિમાલય ટ્રેકિંગ સમયના ચઢાવ તેમને જેમણે પણ મદદ કરી હતી તેમના વિશે માહિતી ટ્રેકિંગ વખતે થયેલ સારા નરસા અનુભવ અને સિદ્ધિ સુધી પહોચવા તેમણે કરેલી મહેનતવ અને જેમનો પણ સાથ સહકાર મળ્યો તેમના વિશેની વાત રજુ કરતું હૈયું હામ અને હિમાલય નામનું પુસ્તક તૈયાર કર્યું હતું, આ પુસ્તકનું આજે રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર ખાતેથી વિમોચન કરવામાં આવ્યું હતું પુસ્તક વિમોચન બાદ ભૂમિકા બેનને શુભેચ્છા પાઠવી હતી અને આગામી દિવસોમાં ઉજવળ ભવિષ્યની પ્રાર્થના કરી હતી અને ગ્રુહ વિભાગ દ્વારા તેમને જે પણ મદદની જરૂર હશે તે પૂર્ણ કરવા તૈયાર રહેશે તેવું પણ આશ્વાસન આપ્યું હતું આ તકે મોરબી માળિયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારાના ધારાસભ્ય દુર્લભજી દેથરીયા તેમજ ધ્રાંગધ્રા- હળવદ ના ધરાસભ્ય પ્રકાશ વરમોરા પણ જોડાયા હતા મહિલા પોલીસ કર્મી ભૂમિકા બેન ભૂતે અગાઉ અનેક વખત રાજયકક્ષા અને રાષ્ટ્રીય કક્ષાની ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગીરનાર સર કરી હતી આ ઉપરાંત ગુજરાત પોલીસની વિવિધ રમત ગમત સ્પર્ધામાં ઉત્કૃસષ્ટ પ્રદર્શન કરી મોરબી જિલ્લાને ગૌરવ અપાવ્યું હતું

## આગમી બોર્ડની પરીક્ષા સંદર્ભે તાપી જિલ્લા કલેકટ્રશ્રીની અધ્યક્ષતામાં પૂર્વતૈયારીના ભાગ રૂપે એકકશન પ્લાન બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સૂચના મુજબ ધો. ૧૦ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માર્ચ ૨૦૨૩ના આગોતરા આયોજન બાબતે પરીક્ષા સમિતિના અધ્યક્ષ તેમજ જિલ્લા કલેકટર સુશ્રી ભાર્ગવી દવેના અધ્યક્ષાતામાં બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટર સુશ્રી ભાર્ગવી દવે દ્વારા આ બેઠકમાં સમગ્ર પરીક્ષા દરમિયાન બાળકો ઉપર પરીક્ષાનો ખોટો ભય ઉભો ન થાય, બાળકો પરીક્ષાના દિવસે પરીક્ષા સ્થળે હોલ ટિકિટ સાથે પહોંચે, પરીક્ષા સ્થળે પહોચવામાં ખોટી ઉતાવળ ન કરે અને અકસ્માતનો ભોગ ન બને, બાળકો માનસિક રીતે સ્વસ્થ રહી પરીક્ષા આપે, જાહેર પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે લેવાય, વિધાર્થીઓ નિર્ભયતાથી, આત્મવિશ્વાસથી પરીક્ષા આપી શકે તથા પરીક્ષાનું સુચારુ સંચાલન થાય તે માટે તાપી જિલ્લાનો માર્ચ ૨૦૨૩ ની પરીક્ષા માટેનો એકશન પ્લાનની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ સમયસર પહોંચી શકે તે માટે એસ.ટી. બસોના રૂટ યોગ્ય રીતે ચાલે અને જરૂરિયાતે એક્સ્ટ્રા બસની સુવિધા કરવી, પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો જળવાય રહે તેવું આયોજન કરવું, પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોંગરૂમ તેમજ પેપર રવાનગી માટે પુરતો પોલીસ બંદોબસ્તની ગોઠવણ કરવી, તમામ પરીક્ષા કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાની ચકાસણી કરવી, દરેક પરીક્ષા કેન્દ્રો



પર આરોગ્ય સેવાઓ મળી રહે તેવું આયોજન કરવું,સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ કેન્દ્રો પર વર્ગ - ૧ અને વર્ગ - ૨ના અધિકારીઓની નિમણુંક કરવી, પરીક્ષા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ભય દૂર થાય તેમજ પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે શરૂ કરાયેલ હેલ્પલાઈન જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.



કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત જિલ્લા મહામંત્રી શ્રી નીલકુમાર રાવની અધ્યક્ષતામાં A.P.M.C.,રાજપીપળા ખાતે નાંદોદ મંડલની વર્કશોપનું આયોજન થયું. જેમાં કાર્યકર્તાઓને બુથને વધુમાં વધુ મજબૂત બનાવવા વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું અને ચર્ચા વિચારણા થઈ. વર્કશોપમાં મંડલ પ્રભારી શ્રી દિનેશભાઈ તડવી, મંડલ પ્રમુખ શ્રી અરવિંદભાઈ પટેલ, મંડલ મહામંત્રી, તાલુકાના પંચાયત પ્રમુખ તથા સભ્યો, શક્તિકેન્દ્રની બુથ સશક્તિકરણ ટીમ તેમજ કાર્યકર્તાઓએ હાજરી આપી.

## આણંદ જિલ્લા સિવિલ હોસ્પિટલનું આ વર્ષે દિવાળી પહેલા ખાતમુહૂર્ત થશે :- આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

**વર્ષ ૨૦૨૫ સુધીમાં ૩૦૦ થી વધુ બેડ સાથેની અત્યાધુનિક આણંદ સિવિલ હોસ્પિટલ દર્દીઓની સેવામાં કાર્યરત થશે**



કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભામાં આણંદ જિલ્લામાં સરકારી સિવિલ હોસ્પિટલની સ્થિતિ અંગેના પ્રશ્નનો ઉત્તર આપતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ નિર્માણ માટે જમીન ફાળવણી કરવામાં આવી છે.હોસ્પિટલની કામગીરી શરૂ કરવા જમીન સમથળ બનાવવા માટે વેલ્યુએશન પણ કરવામાં આવી છે.. રાજ્ય સરકાર દ્વારા આ વર્ષની દિવાળી પહેલા આણંદ જિલ્લા સિવિલ હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આણંદ જીલ્લા ખાતે જીલ્લા કક્ષાની નવી હોસ્પિટલ બનાવવા માર્ચ-૨૦૨૩માં ટેન્ડર બહાર પાડવાનુ આયોજન પી.આઈ.યુ. ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે.. આ નવીન સિવિલ હોસ્પિટલ એલોપેથીની સારવાર માટે ૨૮૮ બેડ તથા આયુર્વેદીક સારવાર માટે ૫૦ બેડ સહિતની અતિ આધુનિક હોસ્પિટલ હશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં આણંદ સિવિલ હોસ્પિટલ દર્દીઓની સેવામાં કાર્યરત બનશે તેમ આરોગ્ય મંત્રી શ્રીએ ભારપૂર્વક જણાવ્યું છે.



કમલમ્ ન્યુઝ, શૈશવ રાવ રાજપીપળા

બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત સર્કિટ હાઉસ, રાજપીપળા ખાતે જિલ્લા મહામંત્રી શ્રી નીલકુમાર રાવની અધ્યક્ષતામાં તથા જિલ્લા ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ વ્યાસની વિશેષ ઉપસ્થિતિમાં રાજપીપળા મંડલની વર્કશોપનું આયોજન થયું તથા બુથને અનુલક્ષીને વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા થઈ અને કાર્યકર્તાઓને ઉત્તમ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે મંડલ પ્રમુખ શ્રી રમણસિંહ રાઠોડ, મંડલ પ્રભારી શ્રી કમલેશભાઈ પટેલ,દિનેશભાઈ દેસાઈ,મંડલના મહામંત્રી,શક્તિકેન્દ્રની બુથ સશક્તિકરણ ટીમ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.



## સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસાના ૬૩માં વાર્ષિક ઉત્સવની ઉજવણી રંગા રંગ કાર્યક્રમ સાથે કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત સર પી.ટી સાયન્સ કોલેજ, મોડાસાનો ૬૩ માં વાર્ષિક ઉત્સવની રંગારંગ કાર્યક્રમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સમારંભ અધ્યક્ષ તરીકે શ્રી નવીનચંદ્ર.આર.મોદી, ઉદ્દ્ઘાટક તરીકે પ્રિ. ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ મુખ્ય મહેમાન તરીકે શ્રી જયેન્દ્ર ભટ્ટ અને અતિથિ વિશેષ તરીકે શ્રી સુભાષભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. કે.પી.પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું. ત્યારબાદ સુવર્ણ ચંદ્રક વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ દ્વારા પ્રવર્તમાન સમયમાં યુવાનોએ જાગૃત થઈ ઈનોવેશન કરવાની જરૂર તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત મુખ્ય મહેમાન શ્રી દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચતમ કારકિર્દી નિર્માણ માટે સખત મહેનત કરવાની વાત કરી હતી. સંસ્થાના પ્રભારી મંત્રીશ્રી સુભાષભાઈ શાહે તેમજ સમારંભ અધ્યક્ષ શ્રી નવીનચંદ્ર.આર.મોદી દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે



સંસ્થાના અધ્યાપકોની પ્રગતિ યાત્રાનું આલેખન કેમિસ્ટ્રી વિભાગના અધ્યક્ષ શ્રી ડૉ. ડી.આર.ફુદાણી અને કાર્યક્રમની આભાર વિધિ ડૉ. એસ.વી.પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. એસ.એમ.દવે અને ડૉ. જયશ્રીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લઈ ભાતીગળ શૈલીમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું નિર્દેશન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.


જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

“કમલમ દૈનિક”

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606


•Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. •Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028